# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

*Accredited **Grade A** by NAAC*
*(CGPA 3.05)*

**સંદર્ભ :–** આસિસ્ટન્ટ મેનેજર, આઈ.ઈ.સી.– સેલ / રાજકોટ મહાનગર પાલિકાનો
તા.૨૨–૦૩–'૧૬ નો પત્ર નં. રા.મ.ન.પા. / આઈ.ઈ.સી. – સેલ / જા. નં. ૫.

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ શહેરની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ / સંચાલકશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ પરનાં પત્રની વિગતે "સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૧૬" માં ભારતના સ્વચ્છ શહેરોમાં રાજકોટ શહેરને સાતમો ક્રમાંક આપવામાં આવ્યો છે, રાજકોટ શહેર પ્રથમ ક્રમાંક મેળવે તે દિશામાં રાજકોટ મહાનગર પાલિકા શહેરના નાગરિકોને સાથે રાખીને આગળ વધી રહયુ હોય સ્વચ્છતા અભિયાન અંતર્ગત લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાના પ્રયાસમાં રાજકોટ શહેરની તમામ કોલેજોમાંથી વિદ્યાર્થીઓ "સ્વચ્છતા દૂત" તરીકે સ્વૈચ્છાએ જોડાય તે અંગે આપની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્વૈચ્છાએ જોડાવવા ઈચ્છતા હોય તો કોલેજ ઘ્વારા વિદ્યાર્થીઓની માહિતી "આસિસ્ટન્ટ મેનેજર, આઈ.ઈ.સી. – સેલ, ચૂંટણી શાખા, રૂમ નં.૧૧, ૩ જો માળ, ઢેબર રોડ, રાજકોટ મહાનગર પાલિકા" ને અચૂક મોકલી આપે તે અંગે કોલેજ કક્ષાએથી કાર્યવાહી કરવાની રહેશે, વધુ માહિતી અર્થે સંદર્ભ પત્ર આ સાથે સામેલ રાખેલ છે, જે વિદિત થાય.

**કુલસચિવ**

**બિડાણ :–** સંદર્ભ પત્રની નકલ

નં. જોડાણ / ૨ / 33 / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા. 0૬ / ૦૪ / '૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ શહેરની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
(યોગ્ય કાર્યવાહી અર્થે)....

**નકલ રવાના :–**

૧) આસિસ્ટન્ટ મેનેજરશ્રી, આઈ.ઈ.સી. – સેલ, ચૂંટણી શાખા, રાજકોટ મહાનગર પાલિકા, રાજકોટ
૨) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૩) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે...

રા.મ.ન.પા./આઈ.ઈ.સી.-સેલ/જા.નં. ૫

રાજકોટ મહાનગરપાલિકા
આઈ.ઈ.સી.-સેલ,
ચૂંટણી શાખા,
તા.૨૨/૩/૨૦૧૬.

REGISTRAR
INWARD DATE
23 MAR 2016
7013
Sau. Uni. Rajkot

પ્રતિ,
રજિસ્ટ્રારશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
રાજકોટ – ૩૬૦૦૦૫.

વિષય:- સ્વચ્છતા દૂત અંગે.

સાહેબશ્રી,

ભારત સરકારશ્રી દ્વારા પ્રસ્તુત 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત 'સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૬'માં ભારતના સ્વચ્છ શહેરોમાં રાજકોટ શહેરને સાતમો ક્રમાંક આપવા આવ્યો છે. આ વર્ષમાં રાજકોટ ભારતનું સૌથી સ્વચ્છ શહેર બને અને પ્રથમ ક્રમાંક મેળવે તે દિશામાં રાજકોટ મહાનગરપાલિકા શહેરના નાગરિકોને સાથે રાખીને આગળ વધી રહ્યું છે.

આ અભિયાન અંતર્ગત લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃત્તિ લાવવાના પ્રયાસમાં રાજકોટ શહેરની કોલેજોમાંથી વિદ્યાર્થીઓ સ્વચ્છતા દૂત તરીકે સ્વૈચ્છાએ જોડાય તે અંગે આપશ્રીની કક્ષાએથી જરૂરી સૂચના આપવા તથા સ્વચ્છતા દૂત તરીકે જોડાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓની માહિતી કોલેજ દ્વારા 'આસીસ્ટન્ટ મેનેજર, આઈ.ઈ.સી.-સેલ, ચૂંટણી શાખા, રૂમ નં.૧૧, ૩જો માળ, ઢેબર રોડ, રાજકોટ મહાનગરપાલિકા'ને અચૂક મોકલી આપે તે અંગે યોગ્ય કાર્યવાહી કરાવવા નમ્ર વિનંતી. મહાનગરપાલિકા દ્વારા થતાં આ પ્રયાસમાં મદદરૂપ થવા બદલ દરેક સ્વચ્છતા દૂતને પ્રમાણપત્ર આપી તેમની કામગીરીને બિરદાવવામાં આવશે.

આભાર સહ,

આસીસ્ટન્ટ મેનેજર
આઈ.ઈ.સી.-સેલ,
રાજકોટ મહાનગરપાલિકા

નકલ સવિનય જાણ અર્થે:- DMCશ્રી(EZ)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
જોડાણ વિભાગ
23 MAR 2016
ઈનવર્ડ નંબર : ..............

23/3/16